Sandesh, Date: 12.01.2018, Page No. 3

### મેટ્રોની કામગીરીને લીધે ચારથી વધુ મોટા રોડ બંધ કરાયા

# નારણપુરા ક્રોસિંગથી નવજીવન પ્રેસ સુધીનો રોડ ૧૮ માસ બંધ

**■ કોમર્સ-સ્ટેડિયમ અને વિજય ચાર રસ્તા રોડ નો પાર્કિંગ ઝોનમાં સામેલ**

અમદાવાદ, તા.૧૧

મેટ્રો રેલની કામગીરીને લીધે આગામી ૧૮ મહિના સુધી નારણપુરા રેલવે ક્રોસીંગથી નવજીવન પ્રેસ તરફ ટુ વ્હિલર વાહનો અને નાના ફોરવ્હિલર વાહનો જઈ શકશે પરંતુ નવજીવન પ્રેસથી નારણપુરા રેલવે ક્રોસીંગ તરફ જઈ શકાશે નહી. તેના વૈકલ્પિક રુટ તરીકે જુની હાઈકોર્ટ તરફથી ઈન્કમટેક્ષ અંડરબ્રીજથી અથવા નવજીવન પ્રેસથી આશ્રમ રોડથી ઉસ્માનપુરા થઈ નારણપુરા રેલવે ક્રોસીંગ તરફ જઈ શકાશે.

મેટ્રો રેલ પ્રોજેકટના પગલે કોમર્સ છ રસ્તાથી સ્ટેડીયમ પાંચ રસ્તા અને કોમર્સ છ રસ્તાથી વિજય ચાર રસ્તા જવાનો માર્ગ વાહન વ્યવહાર માટે એક વર્ષ સુધી પ્રતિબંધિત રહેશે. કોમર્સ - સ્ટેડીયમ રોડ ઉપર રહેતા સ્થાનિકો તેમજ આ રોડ ઉપર હોસ્પિટલ આવી હોવાથી એમ્બ્યુલન્સનો ઉપયોગ થઈ શકશે. દર્પણ સર્કલ, લખુડી તળાવ તેમજ સી.જી.રોડ ઉપર વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. વિજય ચાર રસ્તા - કોમર્સ છ રસ્તા રોડનો માત્ર સ્થાનિક રહિશો ઉપયોગ કરી શકશે. આ બંને માર્ગો ઉપર સરકારી વાહન સિવાયના વાહનો પાર્ક નહી કરી શકાય. કોમન જગ્યામાં ગ્રાહકોના વાહનો આડેધડ પાર્ક થતા હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી વેપારીઓને આવી પ્રવૃત્તિ બંધ કરવા પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડયું છે. પાલડી જલારામ મંદિર પાસે આવેલા દામુભાઈ શુકલ શૈક્ષણીક સંકુલની બાજુમા મા આનંદમયી ચોકથી બેરીકેટીંગ કરી એક સાઇડનો સમગ્ર રોડ ચિરાગ મોટર્સ ચાર રસ્તા સુધી આગામી ૧૨ મહિના માટે બંધ કરાયો છે.

**બેઝમેન્ટ, પાર્કિંગના વ્યવસાયિક હેતુ પર પ્રતિબંધ**

વ્હીકલ ડિલરો અને ગેરેજ સંચાલકો રોડ ઉપર આડેધડ વાહનો પાર્ક કરે છે. રેસ્ટોરન્ટ સંચાલકો પણ કોમન જગ્યામાં ખુરશી ટેબલો ગોઠવે છે. વિવિધ મોલ અને શોપિંગ કોમ્પલેક્ષમાં પાર્કિંગની જગ્યામાં એક્ઝિબિશન સ્ટોલ ઉભા કરાય છે. જેથી પોલીસ કમિશનરે જાહેરનામું જારી કરી બેઝમેન્ટ કે પાર્કિંગ જેવી કોમન જગ્યાનો વ્યક્તિગત કે વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ નહી કરી શકે.